ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ રુલ્સ ૨૦૧૧ અંતર્ગત રાજ્યકક્ષાએ
"નોડલ અધિકારી"ની નિમણૂંક કરવા અંગે.

ગુજરાત સરકાર.

ગૃહ વિભાગ,

સુધારા પરિપત્ર યાદી ક્રમાંક:મહલ/૧૦૨૦૧૧/૧૨૪૩/ઝ,

સચિવાલય, ગાંધીનગર.

તા. 26 FEB 2013

વંચાણે લીધા.(૧)ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો તા.૨૧/૫/૨૦૧૧નો સરખા ક્રમાંક: નો પરિપત્ર ક્રમાંક: મહલ/૧૦૨૦૧૧/૧૨૪૩/ઝ.

(૨) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ,ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૮/૧૧/૨૦૧૨ના પત્રક્રમાંક: સી.આઇ.ડી/મહિલાસેલ/૫૪૨/૨૦૧૨

સુધારો:-

આમુખમાં (૧)માં દર્શાવેલપરિપત્રથીગુજરાત જુવેનાઇલ જસ્ટીસ રુલ્સ ૨૦૧૧ના નિયમ-૮૫ હેઠળની જોગવાઇ અનુસાર બાળકોની કાળજી અને રક્ષણને લગતા તમામ બનાવો (Issuses) ના સંદર્ભમાં સંકલન અને પોલીસની ભૂમિકાને ઉચ્ચકક્ષાએ લઇ જવાના (Upgradation)ના હેતુ માટે અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એસ.સી /એસ.ટી /માનવ અધિકાર/નબળાવર્ગો)ગુજરાત રાજ્ય, ગાંધીનગરને આ અધિનિયમ હેઠળ તમામ કાર્યો બજાવવા માટે નોડલ અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ હતા,પરંતુ આમુખ(૨) આગળ દર્શાવેલ પત્રથી કરેલ દરખાસ્ત મુજબ **"અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એસસી/એસટી/માનવ અધિકાર/નબળાવર્ગો)ગુજરાત રાજ્ય, ગાંધીનગર"**ને "બદલે **"અધિકપોલીસમહાનિદેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર"**ને આ અધિનિયમ હેઠળના હવે પછી સંબંધિત તમામ કાર્યો બજાવવા માટે"નોડલ અધિકારી" તરીકે આથી નિયુક્ત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રજનીકાંત સથવારા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

*અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
*પોલીસ મહાનિદેશક **અને** મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન,ગાંધીનગર.
*અધિક પોલીસ મહાનિદેશશ્રી, સી.આઇ.ડી.(ક્રા.અને રે.) ગુજરાત રાજ્ય, પોલીસ ભવન,ગાંધીનગર
*અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એસસી/એસટી/માનવ અધિકાર/નબળાવર્ગો)ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
*તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ,
*તમામ આઇ.જી.પી.શ્રીઓ/ડી.આઇ.જી.પી.શ્રીઓ..
*તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
*સચિવાલયના તમામ વિભાગો./આઇ.ટી.શાખા,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-પ્રસ્તુત પરિપત્રનોસુધારો વેબસાઇડ ઉપર મૂકવાની વિનંતી સાથે.
*શાખા પસંદગી ફાઇલ./નાયબ સેકશન અધિકારી, પસંદગી ફાઇલ.